सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090009122022 | કેસ દાખલ તા.: ૦૨/૦૭/૨૦૨૨ |
| | કેસ નોંધ્યા તા.: ૦૨/૦૭/૨૦૨૨ |
| | ઠરાવ જાહેર તા.: ૨૪/૦૪/૨૦૨૬ |
| | અવધિ:૦૩ વર્ષ ૦૯ માસ ૨૨ દીવસ |

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** (૧) વિક્રમસિંહ કિશોરસિંહ જાડેજા
ઉ.વ.–૧૯, ધંધો–ખેતી
રહે. ટીંબડી ગામ, તા.જોડીયા, જિ.જામનગર

(૨) અશ્વિનસિંહ ઉર્ફે અશોક ટેમુભા જાડેજા
ઉ.વ.–૨૮, ધંધો–ખેતી
રહે. ટીંબડી ગામ, તા.જોડીયા, જિ.જામનગર

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬,૩૩૨, ૨૯૪(બી),૫૦૬(૨) ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ

| | |
|---|---|
| **ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ** | શ્રી એન.કે.પરમાર |
| **બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ** | શ્રી વી.એસ.માનસાતા |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૧૦/૦૫/૨૦૨૨ના રોજ ક.૦૮/૦૦ વાગ્યે આ કામના ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી જાહેરમાં ભુંડાબોલી ગાળો બોલી ધક્કામુક્કિ કરી હાથ ચાલાકી કરી ગાલ ઉપર તમાચો મારી તેના હાથમાં રહેલ લાકડાનો ધોકો ઉપાડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ડી.એમ.શ્રી, જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૨૦૧૭૨/૨૦૨૨ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીઓની આંક–૪ તથા ૫ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

## –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સંજયભાઇ વિનોદભાઇ સોલંકીની ની જુબાની | ૮ |
| ૨ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૮–એ |
| ૩ | પંચ સાહેદ દેવરાજભાઇ સોમાભાઇ સોલંકીની જુબાની | ૯ |
| ૪ | ફરીયાદી જીતેન્દ્ર અશોકકુમાર રાજાની જુબાની | ૧૦ |
| ૫ | અસલ ફરીયાદ | ૧૦–એ |
| ૬ | પંચ સાહેદ ઇમ્તિયાઝ હબીબભાઇ નોતીયારની જુબાની | ૨૨ |
| ૭ | અચક પંચનામાની ખરી નકલ | ૨૩ |
| ૮ | પંચ સાહેદ મામદ ઇશાક રાધાની જુબાની | ૨૪ |
| ૯ | પંચ સાહેદ આરીફ જાકુબ ચૌહાણની જુબાની | ૨૫ |
| ૧૦ | અચક પંચનામાની ખરી નકલ | ૨૬ |
| ૧૧ | પંચ સાહેદ અફઝલ ઇકબાલભાઇની જુબાની | ૩૨ |
| ૧૨ | પંચ સાહેદ ફારૂક અબ્બાસ છરેચાની જુબાની | ૩૩ |
| ૧૩ | ઓળખ પરેડ અંગેના પંચનામાની ખરી નકલ | ૩૪ |
| ૧૪ | પંચ સાહેદ સંજયગીરી ચંદુગીરી ગોસાઇની જુબાની | ૩૫ |
| ૧૫ | સાહેદ હીરેન હંસરાજભાઇ ભીમાણીની જુબાની | ૩૬ |
| ૧૬ | સાહેદ પ્રકાશભાઇ ડાયાભાઇ પરમારની જુબાની | ૪૨ |
| ૧૭ | સાહેદ સંજયભાઇ મગનભાઇ ગધેથરીયાની જુબાની | ૪૩ |
| ૧૮ | સાહેદ રમેશભાઇ લક્ષ્મણભાઇ પરમારની જુબાની | ૪૫ |
| ૧૯ | સાહેદ રાહુલભાઇ બાબુભાઇ કાંબરીયાની જુબાની | ૫૦ |

| | | |
|---|---|---|
| ૨૦ | સાહેદ સંતોષભાઇ ગોપાલભાઇ ત્રાંબડીયાની જુબાની | ૫૭ |
| ૨૧ | સાહેદ કિશન સુરેશભાઇ ચાવડાની જુબાની | ૫૮ |
| ૨૨ | સાહેદ દયારામભાઇ દાનાભાઇ પરમારની જુબાની | ૬૪ |
| ૨૩ | ઓળખ પરેડ કરાવવા માટેની પોલીસની યાદીની નકલ | ૬૫ |
| ૨૪ | ઓળખ પરેડ માટે તારીખ અને સમયની જાણ કરતો પત્રની નકલ | ૬૬ |
| ૨૫ | ઓળખ પરેડ પુર્ણ કરી અસલ પંચનામું સુપરત કરેલ તે યાદીની નકલ | ૬૭ |
| ૨૬ | સાહેદ ડો. બિરેન્દ્રકુમાર હિતલરામ મહેતરની જુબાની | ૬૯ |
| ૨૭ | સારવાર સર્ટી એમ.એલ.એસી. નં.૭૧/૨૨ અસલ | ૭૦ |
| ૨૮ | ઓપીડી કેસ પેપર્સ અસલ | ૭૧ |
| ૨૯ | સહમતિપત્ર અસલ | ૭૨ |
| ૩૦ | સારવાર સર્ટી મળવા બાબતનો જોડીયા પો.સ્ટે.નો પત્ર | ૭૩ |
| ૩૧ | ત.ક.અ. ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાની જુબાની | ૮૧ |
| ૩૨ | જાહેરનામાની ખરી નકલ | ૮૨ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૮૩ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર ભર્યો જવાબ

આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

**(૫)** ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૧૦/૦૫/૨૦૨૨ના રોજ ક.૦૮/૦૦ વાગ્યે આ કામના ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી જાહેરમાં ભુંડાબોલી ગાળો બોલી ધક્કામુક્કિ કરી હાથ ચાલાકી કરી ગાલ ઉપર તમાચો મારી તેના હાથમાં રહેલ લાકડાનો ધોકો ઉપાડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ડી.એમ.શ્રી, જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

## –:: કારણો ::–

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૮–એ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ સંજયભાઇ વિનોદભાઇ સોલંકીનાઓને આંક–૮ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ દેવરાજભાઇ સોમાભાઇ સોલંકીનાઓને આંક–૯ થી તપાસવામાં આવેલ છે. જે બંન્ને પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી ફરીયાદી જીતેન્દ્ર અશોકકુમાર રાજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ ટીંબડ ગામમાં કીશોરસિંહ નટુભા ના ઘર પાસે સવારના આઠેક વાગ્યાની આસપાસ બનેલ અને તેઓ તથા તેમની સાથે રહેલા સહ કર્મચારી હીરેન હંસરાજભાઇ ભીમાણી વીજચેકીંગ અર્થે ધ્રોલથી આમરણ સવારના સાતેક વાગ્યે ગયેલા ત્યાથી અલગ અલગ ટીમો બનાવી તેઓની ટીમ ટીંબડ ગામે હતી અને બીજી અન્ય ટીમ રસનાળ ગામે વીજચેકીંગ ગામે ગયેલ આ રસનાળ ટીમની સાથે પોલીસ બંદોબસ્ત હતો જયારે તેઓની ટીમની સાથે પોલીસ બંદોબસ્ત હતો નહી. સવારના આઠેક વાગ્યાની આસપાસ તેઓ ટીંબડી ગામમાં પહોંચી ગયેલ ત્યાં કીશોરસિંહ નટુભા જાડેજાના મકાનમાં વીજચોરી દેખાતા તે મકાનમાં અંદર પ્રવેશ કરેલ ત્યારે ત્યા હાજર વ્યકિતએ પોતાનું નામ વિક્રમસિંહ જણાવેલ તેમની હાજરીમાં વીજચેકીંગ કરેલ તથા મીટરની વિગત લીધેલ અને ત્યારબાદ તે મકાનમાંથી બહાર નીકળી બાજુમાં મકાનમાં વીજચોરી હોય ત્યાથી કનેકશનની વીગત લઇ બહાર નીકળતા વિક્રમસિંહ તથા તેમની સાથે રહેલ એક અન્ય શખ્સ જેણે બ્લુ કલરનો શર્ટ પહેરેલ તે બન્ને તેઓને ઘેરી લીધા તથા ભુંડી ગાળો આપવા લાગેલ અને એકદમ ઉગ્ર થઇ ગયેલ અને કહેવા લાગેલ કે તમો શા માટે અહીયા ચેકીંગમાં આવેલ છો બીજીવાર આવતા નહી, નહી તો જાનથી મારી નાખીશ તથા વિક્રમસિંહે તેઓની પાસે વીજચોરીની કાચી નોંધ કરેલ કાચી ડાયરી જટી લીધેલ તે ડાયરીમાં જે વીગત લખેલ હતી તે ફાડી નાખેલ તથા તેમની સાથે રહેલ અન્ય શખ્સ જેમણે બ્લુ કલરનો શર્ટ પહેરેલ હતો તેમણે ધકામુકી કરીને ગાલ ઉપર તમાચો મારેલ તથા તેની પાસે રહેલ લાકડાનો ધોકો ઉચકીને તેઓને મારવાનો પ્રયત્ન કરેલ અને કહેલ કે અહીથી તમે નીકળી જાવ નહી તો ટાંટીયા ભાગી નાખીશ ત્યારબાદ તેઓ તથા તેમની સાથે રહેલ સહકર્મી ત્યાથી નીકળી ગયેલા અને ત્યારબાદ તેઓએ આમરણ સબ ડીવીઝનના ડેપ્યુટી એન્જીનીયરને આ બનાવની જાણ

કરેલ અને ત્યારબાદ તેઓએ તેમને પડાણા એસ.એસ. પાસે આવવા કહેલ ત્યારબાદ તેઓ ત્યા તેઓને મળેલ ત્યાથી સારવાર અર્થે તેઓ જોડીયા સરકારી હોસ્પીટલ ખાતે ગયેલ અને ત્યા સારવાર લીધેલ ત્યારબાદ જોડીયા પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવેલી જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે સદર ફરીયાદને પુરાવામાં આંક–૧૧ આપવામાં આવે છે અને આરોપીઓને તેઓ જોયે ઓળખી શકે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી જેનુ નામ વિક્રમસિંહ તેઓને મુદ્દામાલ પાવતી નં.૧૯/૨૨ ના આર્ટીકલ ૧ વાળો મુદ્દામાલ કોર્ટ રૂબરૂ બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે, આ તે જ ધોકો છે જેના વડે તેઓને એક અજાણી વ્યકિતએ મારવાનો પ્રયાસ કરેલો હતોકીશોરસિંહ જાડેજા અને બીજાના નામની તેઓને ખબર નથી કારણ કે તે અજાણ્યા ઇસમ હતો પરંતુ મામલતદાર રૂબરૂ તેમની ઓળખ કરાવવામાં આવેલી સદર આરોપી જે કોર્ટમાં હાજર હોય તો તેને ઓળખી શકે, બચાવપક્ષે આરોપીઓની ઓળખાણની તકરાર નથી તેઓને બનાવ વખતે ઉપયોગ થયેલ લાકડાનો ધોકો બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેઓને મુદ્દામાલ પાવતી નં.૧૯/૨૨ ના આર્ટીકલ ૧ વાળો મુદ્દામાલ કોર્ટ રૂબરૂ બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે, આ તે જ ધોકો છે જેના વડે તેઓને એક અજાણી વ્યકિતએ મારવાનો પ્રયાસ કરેલો હતો.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, સવારના આઠેક વાગ્યાના સમયે કોઇપણ ઘરમાં સદસ્યો તેની સવારની દૈનિક ક્રિયા કરતા હોય છે અને સ્ત્રી વર્ગ ઘર સાફ કરવું કે નહાવા વિગેરેની ક્રિયામાં હોય છે, આ રીતે કોઇના ઘરમાં પ્રવેશી જઇએ તો પુરૂષ વર્ગ જાણ કર્યા વગર સ્ત્રીઓ હાજર હોય અને પ્રવેશી જઇએ તો ઠપકાની ભાષામાં અંદર ન આવા કહે, સામાન્ય રીતે તેઓની ઓફીસ કામનો સમય સવારના ૧૦ વાગ્યે શરૂ થતો હોય છે, તેઓના ગ્રાહક હોય તેવા સ્થળે તેઓ જણાવે છે તેવા સર્વિસ વાયરથી કનેક્શન આપી વીજ પુરવઠો પુરો પાડે છે,

કિશોરસિંહ નટુભા જાડેજા તેઓની કંપનીના ગ્રાહક છે, તેઓ જે આ ચેકીંગવાળો બનાવ કહે છે તે પહેલા કિશોરસિંહને કે તેના પુત્ર કે તેના પરિવારની કોઇ વ્યક્તિને તેઓને મળવાનું થયેલ નથી, તેથી તેના કોઇ પરિવારજનોને નામથી કે વ્યક્તિગત રીતે ઓળખતો ન હોય, કિશોરસિંહ નટુભા જાડેજાના મકાનમાં તેઓને જે ચેકીંગ બાબતે કાર્યવાહી કરવાની હતી તે કાર્યવાહી કરીને તેઓ બીજા મકાનમાં ચેકીંગની કાર્યવાહી કરવા માટે નીકળી ગયેલ, વીજચોરી જો તેઓને કિશોરસિંહ નટુભાના કનેક્શનમાં માલુમ પડેલ હોત તો તેઓએ ત્યાં તે બાબતનું પંચનામું પણ કરવુ પડે જેને તેઓ સ્થળ પરનું રોજકામ કહે છે, તેઓએ પોતાની ફરીયાદમાં તેઓના ગાડી નંબર લખાવેલા નહી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં એ હકિકતો જણાવેલ છે કે, તેઓ જુનિયર એન્જિનિયર તરીકે સાડા પાંચ વર્ષથી ફરજ બજાવે છે, તેઓએ જોડીયા તાલુકા વિસ્તારમાં ફરજ બજાવેલ નથી પરંતુ આ વિસ્તારમાં ચેકિંગની કાર્યવાહી બાબતે આવેલ છે, તેઓ જે ચેકિંગ કરવા માટે આવ્યાનું જણાવે છે તે સમયે તેઓ બીજા એટલે કે ધ્રોલ તાલુકામાં ફરજ બજાવતા હતા, તેઓન બીજા કોઇ તાલુકામાં ચેકિંગ વિગેરે માટે જવાનું હોય તો તેઓના ઉપરી અધિકારી દ્વારા તેઓને આદેશ કરવામાં આવે છે જે આદેશ લેખીતમાં હોય છે, હાલના બનાવ બાબતે તેઓ ચેકિંગ કરવાનું જણાવે છે તે કરવા માટે તેઓને આગલા દિવસે તેઓના ઉપરી અધિકારી દ્વારા લેખીતમાં આદેશ કરવામાં આવેલ, આ લેખીત આદેશ તેઓએ ફરીયાદ કરી કે ત્યારબાદના તપાસના કામે તેઓએસ પોલીસ ખાતામાં કે તપાસનીશ અધિકારીને આ આદેશ કે તેની નકલ આપેલ નથી, ધ્રોલથી તેઓ સવારના છ વાગ્યે ડ્રાઇવર અને ઇલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ સાથએ ચેકિંગ માટે નિકળેલા, તેઓ ચેકિંગમાં ગયા પહેલા તેઓની આમરણ ઓફીસના ઉપરી અધિકારીને આમરણ મુકામે મળેલા, ત્યાંથી તેઓ પોલીસ બંદોબસ્ત લઇ તેઓની ટીમ બનાવી તેઓ કહે છે તે ચેકિંગવાળી જગ્યાએ

પહોંચેલા, તેઓ જે જગ્યાએ ચેકિંગ કરવાનું જણાવે છે તે જગ્યામાં મહિલાઓ હાજર હતા અને તેઓ તેની ઉપર જણાવે છે તેવી ક્રિયામાં રોકાયેલા હતા, તેઓએ કિશોરસિંહ નટુભા સામે કોઇ વીજચોરી બાબતે ફરીયાદ આપેલ નથી, તેઓએ પોતે કહે છે તે જગ્યાએથી વીજચોરી બાબતે સર્વિસ વાયર કબ્જે કરેલ, તેઓ જે વીજ વાયર કબ્જે કર્યાનું જણાવે છે તે તેઓએ તપાસના કામે પોલીસને આપેલ નથી, તેઓ જ્યારે વીજ ચેકિંગમાં જગ્યાની અંદર જતા હોય ત્યારે પોલીસ બંદોબસ્ત તેઓની સાથે હોય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ બનાવ બન્યો ત્યારે પોલીસ બંદોબસ્ત તેઓની સાથે ન હતો, તેઓએ કિશોરસિંહના ઘરનું રોજકામ કરેલ નથી, બનાવ બન્યા બાદ તેઓએ તેઓના આમરણના ઉપરી અધિકારીને જાણ કરેલી તેથી તેઓએ કહેલ કે પડાણા સબ સ્ટેશને તમે આવો અને હું પણ ત્યાં આવુ છુ, તેઓ પડાણા સબ સ્ટેશને એકાદ કલાક જેવુ રોકાયેલા, ત્યાંથી તેઓ અને તેઓના ઉપરી અધિકારી જામનગરના ઉપરી અધિકારીની સુચના મેળવી અને ફરીયાદ કરવા માટે જોડીયા પોલીસ સ્ટેશન ગયેલા, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ પહેલા જોડીયા સરકારી હોસ્પિટલે સારવાર કરાવવા માટેસ ગયેલા, તેઓએ સારવાર લેતા પહેલા ફરજ પરના ડોક્ટરને બનાવ બાબતે જાણ કરેલી, તેઓ જ્યારે સારવાર લેવા ગયા ત્યારે ફરીયાદ કરવાની બાકી હતી, તેઓ ફરીયાદ આપવા માટે જોડીયા પોલીસ સ્ટેશન એકાદ કલાક રોકાયેલા, ફરીયાદ આપ્યા બાદ તેઓ ધ્રોલ મુકામે જતા રહેલા, ત્યારબાદ પોલીસ ખાતનો ફરીયાદ પછી બે ત્રણ દિવસે ફોન આવેલ કે સ્થળ પર પંચનામું કરવાનું હોય તમે સ્થાનિક જગ્યાએ આવજો, તેઓ ત્યાં બપોરના સમયે પહોંચેલા, તેઓએ બનાવવાળી જગ્યા તથા કિશોરસિંહનું મકાન તથા બાજુવાળાનું મકાન બતાવેલુ, ત્યારબાદ પોલીસ ખાતા દ્વારા તૈયાર લખેલ કાગળમાં તેઓનેસહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ, આ ફરીયાદ કર્યા બાદ અને સ્થાનિકે પંચ રોજકામ કરવા ગયા તે સિવાય તેઓને પોલીસ ખાતા પાસે આવવાનું થયેલ નથી કે તેઓને તેઓએ બીજા કોઇ કામસર બોલાવેલ નથી, ત્યારબાદ અજાણ્યા શખ્સ બાબતે તેઓને પોલીસ ખાતા દ્વારા મામલતદાર ઓફીસમાં

આવેલા ત્યાં મામલતદારશ્રીની હાજરીમાં બે એ.એસ.આઇ. તથા બીજા પોલીસવાળા આરોપી સહિત ત્રણ વ્યક્તિઓને મામલતદાર સમક્ષ લઇ આવતા તેમાં જે અજાણ્યો શખ્સ  હતો તેને તેઓએ ઓળખી બતાવેલ, આ રીતે મામલતદારશ્રી રૂબરૂ ઓળખ પરેડ કરવામાં આવેલી, તેઓ એ વાતથી વાકેફ છે કે કોઇપણ ફરીયાદ હોય તો તે પોલીસ સ્ટેશનમાં આપી શકાય તે જ રીતે તે ફરીયાદ નામદાર કોર્ટમાં પણ આપી શકે,  તેઓ જે જગ્યાએ ચેકિંગ કરતા હતા તેની નજીકમાં જ બીજી ટુકડી પણ ચેકિંગ કરી રહી હતી, તેઓ કહે છે તેવો બનાવ બનતા બાજુની જગ્યામાં ચેકિંગ કરતી ટુકડી પણ તેઓની પાસે આવી ગયેલી, તે ચેકિંગ ટુકડીના કોઇ કર્મચારીના નામ તેઓએ પોતાની ફરીયાદમાં લખાવેલા નથી.  આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૮.૩)  ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૩ વાળા આરોપીની અટકનાં પંચનામાના પંચ સાહેદ ઇમ્તિયાઝ હબીબભાઇ નોતીયારનાઓને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ મામદ ઇશાક રાધાનાઓને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. જે બંન્ને પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

(૮.૪)  ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૬ વાળા આરોપીની અટકનાં પંચનામાના પંચ સાહેદ આરીફ જાકુબ ચૌહાણનાઓને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ અફઝલ ઇકબાલભાઇનાઓને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે. જે બંન્ને

પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**(૮.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૪ વાળા આરોપીની ઓળખ પરેડ અંગેનાં પંચનામાના પંચ સાહેદ ફારૂક અબ્બાસ છરેચાનાઓને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ સંજયગીરી ચંદુગીરી ગોસાઇનાઓને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે. જે બંન્ને પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**(૮.૬)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૬ થી સાહેદ હીરેન હંસરાજભાઇ ભીમાણીનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦/૦૫/૨૦૨૨ ના રોજ તેઓની જામનગર સર્કલ હેડ ઓફીસમાથી ઓર્ડર મળેલ કે, ડીવીઝન ડ્રાઇવ આમરણ હોવાથી સવારે ૬ વાગ્યાની આસપાસ ધ્રોલથી જુનીયર એન્જીનીયર જે.એ.રાજા સાહેબ તેની સાથે તેઓ તેમજ ગાડીના ડ્રાયવર ધ્રોલથી આમરણ નીકળેલા. આમરણથી અધિકારી, ડેપ્યુટી એન્જીનીયર, જેનુ નામ તેમને ખબર નથી, એ તેઓને રસનાળ અને ટીંબડી મોકલેલા તેમાથી તેઓ ટીંબડી ગામે ગયેલ. તેઓ સાથે જે.એ.રાજા

સાહેબ અને તેઓએ ચેકીંગની કામગીરી ચાલુ કરેલ તેમા એક ગ્રાહકને ત્યાં ચેકીંગ કરેલ. એક ઘર ચેક કરીને બાજુવાળાના ઘરે ચેકીંગ કરવા ગયેલા. બહાર નીકળ્યા ત્યા જે પહેલા ઘરે ચેકીંગ કરેલુ તેના પુત્ર વિક્રમસિંહ તથા એક અજાણ્યો શખ્સ જેને વાદળી કલરનો શર્ટ પહેરેલ હતો. જેણે જે.એ.રાજા સાહેબને ગાળો આપેલ. વિક્રમભાઈએ જે. એ.રાજા સાહેબને ફડાકો મારેલ. બાદમાં જે અજાણ્યો શખ્સ હતો તેણે સાહેબ સામે લોખંડનો પાઈપ ઉપાડી હવે તેઓ જણાવે છે કે ધોકો ઉપાડી અને સાહેબ સામે ઉગામી અને મારી નાખવાની ધમકી તથા આ ગામમાં ક્યારેય બીજી વખત ચેકીંગ કરવા આવતા નહી તેવુ કીધેલ અને ગાળો પણ આપેલ. ત્યારબાદ વિક્રમભાઈ નામના શખ્સે ચેકીંગ કર્યું તેની રફ ડીટેલ લખેલ બુક સાહેબ પાસેથી જટી, જબરજસ્તીથી લઈ અને ફાડી નાખેલ. ગાળો બોલતા બોલતા તેઓની પાછળ આવેલા. બાદમાં સામે તેઓની ગાડી પડેલ હોય તેમા તેઓ અને રાજા સાહેબ ચાલીને ગયેલા. ગાડીમા અંદર બેસતી વખતે ગામના બીજા લોકો અને આ બે વ્યકિત પણ તેમને રોકી રાખેલ અને તેઓની ગાડી જવા દેતા ન હતા. બાદમા તેઓની સાથે બીજા અધિકારી પણ ચેકીંગમા હતા તેના દ્વારા કહેવામા આવેલ અને તેમને ગામની બહાર નીકળવા દીધેલ. ત્યાથી આમરણ ઓફીસે ગયેલા, ત્યારબાદ ત્યાથી જોડીયા પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા માટે આવેલા. તેઓની રાજા સાહેબે ફરીયાદ આપેલી, ફરીયાદ બાબતે તેઓનું નીવેદન નોંધેલુ પરંતુ તે જ દિવસે નોંધેલુ નહી. આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, સવારના તે સમયે લગભગ દરેક ઘરમાં સ્ત્રી અને પુરૂષો તેઓની દિનચર્યામાં હોય, ઉપરોક્ત ઘરમાં પ્રવેશ્યાની અને જાણ કર્યાની હકિકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી, "બાદમાં સામે તેઓની ગાડી પડેલ હોય તેમા તેઓ અને રાજા સાહેબ ચાલીને ગયેલા. ગાડીમા અંદર બેસતી વખતે ગામના બીજા લોકો અને આ બે વ્યકિત

પણ તેમને રોકી રાખેલ અને તેઓની ગાડી જવા દેતા ન હતા. બાદમા તેઓની સાથે બીજા અધિકારી પણ ચેકીંગમા હતા તેના દ્વારા કહેવામા આવેલ અને તેમને ગામની બહાર નીકળવા દીધેલ" તે હકિકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી, જ્યારે પણ વીજ ચેકિંગમાં જવાનું થાય ત્યારે તેઓની સાથે સ્ટાફના માણસો સિવાય એક્સ મિલીટ્રીમેન પોલીસ સુરક્ષામાં સાથે હોય છે, આ કામના ફરીયાદી તેમના ઉપરી અધિકારી છે, તેઓના નિવદનમાં ક્યાંય તેઓના ડ્રાઇવરનું નામ જણાવેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં એ હકિકતો જણાવેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ ૭–૮ વાગ્યે પહોંચી ગયેલા, તેઓએ ચેકીંગમા ગયા તે પહેલા તેઓના ઘરમા તેઓ ચેકીંગ માટે આવે છે તેવી જાણ કરેલ નહી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના ઘરમા પ્રવેશતા પહેલા ઘરનો દરવાજો ખખડાવીને જાણ કરેલ કે તેઓ પીજીવીસીએલ માથી ચેકીંગ માટે આવે છે, આમરણથી નીકળ્યા બાદ ફરીયાદ આપતા પહેલા તેઓ બીજે કયાંય ગયેલા નહી, આ બનાવની તેઓએ કોઈને જાણ કરેલ નહી પરંતુ તેઓના રાજા સાહેબે ફોન ઉપર ભેંસદડીયા સાહેબને જાણ કરેલી, પોલીસે તેઓનું નીવેદન બનાવના બે થી ત્રણ દિવસ બાદ લીધેલું, આ નીવેદન આપવા માટે તેમને જોડીયા પોલીસ સ્ટેશન બોલાવેલ, તેઓને જોડીયા પોલીસ સ્ટેશન બોલાવેલ ત્યારે તેઓ, રાજા સાહેબ અને ડ્રાઇવર એમ ત્રણ જણા આવેલા, પોલીસ સ્ટેશન તેઓ બે ક કલાક રોકાયેલા. ત્યારબાદ તેઓ ધ્રોલ જતા રહેલા, તેઓને ચેકીંગમા જવાનો આદેશ લેખીતમાં હતો તે મૌખીકમા હતો તેની તેમને જાણ નથી કારણ કે તે ડી.ઈ.સાહેબને આપવામાં આવેલો.

આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૮.૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૨ થી સાહેદ પ્રકાશભાઇ ડાયાભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦/૦૫/૨૨ ના રોજ તેઓ તથા તેઓના ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ સંજયભાઈ મગનભાઈ ગધેથરીયા આમરણ સબ ડીવીઝન હેઠળ ડીવીઝન ડ્રાયવ અંતર્ગત વીજ ચેકીંગમા હતા તે મુજબ તેઓ અલગ અલગ ટીમ બનાવી જોડીયા પોલીસ સ્ટાફ સાથે આમરણ સબ ડીવીઝનમાં આવતા ગામોમા વીજ ચેકીંગ માટે નીકળેલા હતા તે દરમયાન અમારી ટીમો આમરણ સબ ડીવીઝન હેઠળના રસનાળ તથા ટીંબડી ગામે ચેકીંગમા ગયેલ તે દરમયાન તેઓ તથા તેઓના સાથેનો સ્ટાફ ટીંબડી ગામમા ચેકીંગ કાર્યવાહી અર્થે ગયેલ. ત્યારબાદ ટીંબડી ગામમાથી ચેકીંગ કાર્યવાહી પુરી કરી તેઓ રસનાળ ગામે પહોંચેલ. ત્યારબાદ થોડીવારમાં તેઓની સાથેના જીતેન્દ્રભાઈ રાજા એ પણ ટીબડીથી ચેકીંગ પુરુ કરી રસનાળ આવી ગયેલા ત્યારે તેમને જણાવેલ કે ટીંબડી ગામમા ચેકીંગ કરતી વખતે માથાકુટ થયેલ છે. તે અરસામા કિશોરસિહ નટુભા જાડેજા તથા તેમના સુપુત્ર વિક્રમસિહ તથા તે જોઈ ઓળખી બતાવી શકે તેવો બ્લુ કલર પહેરેલ ઇસમ દ્વારા લાકડાના ધોકા વડે મારેલ તથા ગાળાગાળી કરેલ ત્યારબાદ એવુ કહેલ કે આ ગામમાં આવવુ નહી અને ધમકી આપેલ. ત્યારબાદ તેઓ તથા જીતેન્દ્રભાઈ રાજા સાહેબ પડાણા દવાખાને સારવાર અર્થે ગયેલ ત્યારબાદ પોલીસ સ્ટેશને ફરીયાદ દાખલ કરવા માટે ગયેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, સામાન્ય રીતે સવારના આઠ નવ વાગ્યાના અરસમા ઘરમા નાવા ધોવા તેમજ ઘરની સાફ સફાઈની કામગીરી ચાલુ હોય અને તેમા જાજા ભાગે સ્ત્રીઓ કામ કરતી હોય સાહેદ જણાવે છે કે પુરુષો પણ ઘરમા હાજર હોય, દરબાર જ્ઞાતીના સ્ત્રીઓ ઓજલમા રહેતા હોય છે અને ઘરની બહાર બહુ ઓછા નીકળતા હોય છે, સામાન્ય રીતે આવા સમયે

કોઈના ઘરમા પ્રવેશી જઈએ તો તે ઘરમા આવવા બાબતે ઈન્કાર કે પ્રતિકાર કરે, જે જગ્યાએ બનાવ બન્યાનુ જણાવે છે તે બનાવ સમયે તેઓ ત્યા હાજર ન હતા.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં એ હકિકતો જણાવેલ છે કે, તેઓ જે ચેકીંગ ડ્રાઈવની હકીકત જણાવે છે તે ચેકીંગ ડ્રાઈવ ઉપરની ઓફીસની સુચનાથી કરવામા આવેલ, તેઓને આ ચેકીંગ ડ્રાઈવમા જવા માટે ઉપરી ઓફીસ દ્વારા લેખીતમા આદેશ આપવામા આવેલ નહી, તેઓ વહેલી સવારે સાડા ચાર વાગ્યે કાલાવડથી આમરણ જવા માટે નીકળેલા, તેઓની સાથે પોલીસ સ્ટાફ હતા પણ તેમના નામ શુ છે તે તેઓએ જણાવેલ નથી, તેઓ આમરણ આશરે પોણા સાત વાગ્યાના અરસામા પહોચેલા, ત્યાથી  તેઓને કામ ડીવાઈડ કરી દેતા તુરત જ ચેકીંગ માટે નીકળી ગયેલા, તેઓને આમરણથી કયા ગામમાં અને કઈ વ્યકિતના ઘરે ચેકીંગ કરવાનુ છે તેની કોઈ માહીતી આપવામાં આવેલ નહીં, તેઓ અને રાજાભાઈ બન્ને અલગ અલગ ગાડીમા હતા, તેઓ જે રાજાભાઈ જણાવે છે તે ધ્રોલ મુકામે સર્વીસ કરે છે, તેઓ સાથે તેઓના આસીસ્ટન્ટ અને રાજાભાઈની સાથે તેના ધ્રોલના આસીસ્ટન્ટ હતા, તેઓએ આ પહેલા રસનાળ કે ટીંબડી ગામે ચેકીંગની કોઈ કાર્યવાહી કરેલ કે કેમ તે તેમને યાદ નથી, તેઓ જે ચેકીંગમા નીકળેલા તેમા તેઓ અને રાજાભાઈ એમ બે ટીમ હતી એ સિવાય બીજી કોઈ ટીમ હતી કે કેમ તેની તેમને જાણ નથી, તેમને જે રાજાભાઈએ હકીકત જણાવેલ તે તેઓ જણાવે છે, સામાન્ય રીતે જો કોઈ જગ્યાએ વીજ ચોરી થતી હોય તો વીજચોરી કરવા માટે ઉપયોગમા લેવાયેલ વાયર કે બીજા કોઈ સાધન હોય તો તેઓ કબ્જે કરે.

આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૮.૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૩ થી સાહેદ સંજયભાઇ મગનભાઇ ગધેથરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઈલેકટ્રીક આસીસ્ટન્ટ તરીકે કાલાવડ વેસ્ટ સબ ડીવીઝનમા નોકરી કરે છે. તારીખ ૧૦/૦૫ ચોકકસ સાલ તેમને યાદ નથી કાલાવડ વેસ્ટ ડીવીઝનમાથી આમરણ સબ ડીવીઝનમાં વીજ ચેકીંગ કરવા માટે તેઓ આવેલા હતા ત્યાથી તેઓની બે ટીમ પાડી રસનાળ અને ટીંબડી બન્ને ગામમા અતેઓ વીજચેકીંગમા ગયેલા હતા. ટીંબડી ગામમા તેઓ ચેકીંગ કરીને બહાર નીકળી ગયેલા. રસનાળ ગામ પાસે પહોચતા ત્યા બીજી ટીમ હતી જે ટીંબડી ગયેલી તેમા જે.એ.રાજા સાહેબ જુનીયર એન્જીનીયર અને તેમના ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ ભીમાણીભાઈ હતા તેમણે આવીને વાત કરેલી કે ટીંબડી ગામમા અમારી સાથે ઝપાઝપી થઈ ગયેલ છે. ફરજ રૂકાવટના કેસ બાબતની વાત કરેલી. તેઓ જેમની ઘરે ચેકીંગ કરવા ગયેલા તે ભાઈનુ નામ તેમને યાદ નથી. રાજાસાહેબે એવુ જણાવેલ કે જેની ઘરે ચેકીગ કરવા ગયેલા તેની વીજ ચોરી પકડાઈ જતા બાજુના ઘરમા ચેકીંગ કરવા જતા ત્યા આવીને આ લોકોએ માથાકુટ કરેલી.

ત્યારબાદ સદર સાહેદને વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિ.એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, અમો ત્યા બહાર આવતા આ વિક્રમસિહે મારા હાથમા રહેલ વીજચેકીંગની કાચી નોંધ કરેલ તથા વીજ ચોરી અંગેની માહીતી જેમા લખેલ હતી તે રફ કાગળો ફાડી નાખેલા અને ઝપાઝપી કરી જાહેરમાં ભુંડા બોલી ગાળો બોલી અને તેની સાથે રહેલ વાદળી કલરના શર્ટવાળા ઈસમે ધકામુકી કરી હાથચાલાકી કરી મારા ગાલ ઉપર તમાચો મારેલ જેમ તેમ ગાળો આપી તેના હાથમા રહેલ લાકડાનો ધોકો ઉપાડી કહેલ કે બીજીવાર અમારા ગામમા કોઈ દિવસ આવ્યા છો તો તમને બધાને પુરા કરી દેશ. એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરેલ

હતી. ઉપરોકત હકીકત રાજા સાહેબે મારા જુનીયર એન્જીનીયરને જણાવેલ તે સમયે હુ ગાડીમા બેઠો હતો.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, જે કહેવાતા બનાવની તેઓ વાત કરી રહ્યા છે તે બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર હતા નહી, રેઈડમા જવા બાબતની કોઈ લેખીત જાણકારી કરવામા આવેલ નહીં. સાહેદ જણાવે છે કે તેઓને ટેલીફોનીક જાણ કરવામાં આવેલી, આવો કોઈ ફોન તેમને જામનગરની મુખ્ય ઓફીસમાથી આવેલ નહી. તેઓને તેઓના જુનીયર એન્જીનીયરનાઓએ ફોનથી જાણ કરેલ. ત્યારબાદ સદર સાહેદને બચાવ પક્ષે જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યાએથી કોઈ વસ્તુ કબ્જે કર્યાની રાજા સાહેબે વાત કરેલી ? એવો પ્રશ્ન કરતા હા. મીટર અને વાયર કબ્જે કરેલા તેવો જવાબ આપેલ છે.

**(૮.૯)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૫ થી સાહેદ રમેશભાઇ લક્ષ્મણભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધ્રોલ જી.ઇ.બી. માં ડ્રાઇવીંગ કરતા હતા. રસનાળ ટીંબડી ખાતે પોલીસ સ્ટાફના માણસો સાથે ચેકિંગમાં ગયેલા ત્યારે રાજા સાહેબે તેઓને કીધેલ કે શેરીમાં ગાડી જઇ શકે તેમ નથી જેથી તેઓ ગાડીમાં બેસેલા હોય બનાવ શું બનેલ તેની તેઓને ખબર નથી કે રાજા સાહેબે જણાવેલ નથી. ત્યારબાદ સદર સાહેદ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, તેઓ બનાવ સમયે જીપમાં બેઠેલ હોય ત્યાં શું

બન્યુ તેની તેઓને કોઇ અંગત જાત માહીતી નથી કે તેઓને કોઇ સાહેદે બનાવ વીશે માહિતી આપેલ નથી.

**(૮.૧૦)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૦ થી સાહેદ રાહુલભાઇ બાબુભાઇ કાંબરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨માં તેઓ આમરણ ખાતે પીજીવીસીએલમાં નોકરી કરતા હતા. બનાવ તારીખ ૧૦/૦૫/૨૦૨૨ના રોજ બનેલો. બનાવમાં તેઓ તથા તેઓના જુનિયર એન્જિનીયર કિશનભાઇ હરેશભાઇ ચાવડા સવારના સાતેક વાગ્યે આમરણ ખાતે ચેકિંગ ડ્રાઇવમાં હતા તે મુજબ પોલીસ સ્ટાફ સાથે અલગ અલગ ચેકિંગ ટીમો બનાવેલ હતી જેમાંથી એક ટીમ રસનાળ ગામે અને એક ટીમ ટીંબડી ગામે ગયેલ ત્યારે તેઓના સાહેબને રાજા સાહેબનો ફોન આવેલો અને જણાવેલ કે તેઓ કિશોરસિંહની બાજુમાં આવેલ જગ્યાએ ચેકિંગ કરતા હતા ત્યારે માથાકુટ થયેલ છે તમે અહિંયા આવો. બાદ તેઓ ત્યાં ગયેલા ત્યારે દસથી પંદર જણાનું ટોળુ ભેગુ થયેલુ હતુ. બાદમાં તેઓ રાજા સાહેબને લઇને બહાર આવતા રહેલા. ત્યારબાદ રાજા સાહેબને લઇને બહાર આવતા રહેલા. ત્યારબાદ રાજા સાહેબે બનાવ બાબતે જણાવેલ છે કે કિશોરસિંહના દિકરા વિક્રમસિંહ સાથે માથાકુટ થયેલ છે. તેઓની બુક જટી લીધેલ છે અને કાગળ ફાડી નાખેલ છે અને બોલાચાલી થયેલ છે. બાદમાં રાજા સાહેબના કહેવાથી તેઓએ પોલીસ સ્ટેશન આવીને કેસ કરેલો. સદર બનાવ અંગેની ફરીયાદ રાજા સાહેબે આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, ફરીયાદી રાજા સાહેબ તેઓના ઉપરી અધિકારી હતા, આ સમય દરમ્યાન કોઇ ખાસ કામગીરી તેઓના ઉપરી અધિકારી સોંપે તો તેનો લેખિત આદેશ કરીને સોંપે છે, તેઓએ પોતાના નિવેદનમાં ક્યા સાહેબના ક્યા હુકમથી અને ક્યા વાહનમાં ચેકિંગમા હતા તે હકિકત તેઓના

નિવેનદમાં જણાવેલ નથી, રાજા સાહેબને ફોન આવ્યા બાદ તેઓ પંદરેક મીનીટ બાદ ત્યાં પહોંચેલા, કહેવાતો બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે તેઓને કોઇ અંગત જાત માહિતી નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં એ હકિકતો જણાવેલ છે કે, સામાન્ય રીતે તેઓની ફરજ પરનો સમય સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીનો હોય છે, આ ખાસ કામગીરીમાં ચેકિંગ કરવા જવાનું હોય તે પણ તે અંગેનો અધિકારી દ્વારા આદેશ કરવામાં આવે છે, જેમાં ટીમ મેમ્બર તથા વાહન નંબર વિગેરે દર્શાવવામાં આવેલુ હોય છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**(૮.૧૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૭ થી સાહેદ સંતોષભાઇ ગોપાલભાઇ ત્રાંબડીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦/૦૫/૨૦૨૨ના રોજ પીજીવીસીએલ આમરણ પેટા કચેરી હેઠળ નાયબ ઈજનેર તરીકે તેઓ ફરજ પર હતા તે દિવસે ડીવીઝન ચેકિંગ ડ્રાઇવ દરમ્યાન શ્રી રાજા સાહેબ ટીંબડી ગામે ચેકિંગ પર હતા તે સમયે મારામારીનો મેસેજ ફોન પર આવતા તેઓ પોતાની સાથે સ્ટાફને લઇ પડાણા સબ સ્ટેશને ગયેલ ત્યાં શ્રી રાજા સાહેબે વિગતવાર માહિતગાર કરેલ. ત્યારબાદ તેઓ જોડીયા સરકારી હોસ્પિટલે એમ.એલ.સી. કરવા માટે લઇ ગયેલ. એમ.એલ.સી. થયા બાદ પોલીસ ફરીયાદ માટે પોલીસ સ્ટેશને એફ.આઇ.આર. લખાવેલ હતી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, સામાન્ય રીતે સવારે સાત સાડા સાતના અરસામાં કોઇપણ ઘરમાં લોકો તેઓના નિત્યક્રમમાં પડેલા હોય છે અને

સામાન્ય રીતે આ સમયે ઘરમાં સ્ત્રીની હાજરી વધારે છે, દરબાર જ્ઞાતિમાં સામાન્ય રીતે સ્ત્રીઓ ઓજલમાં એટલે કે ઘરમાં રહેતી હોય છે અને બહાર નીકળે તો પણ લાજ કાઢ્યા સિવાય નિકળતા નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે તેઓની નોકરીનો ટાઇમ સવારે સાડા દશથી સાંજના સાડા છ સુધીનો હોય છે.

**(૮.૧૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૮ થી સાહેદ કિશન સુરેશભાઈ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦/૦૫/૨૦૨૨ ના રોજ આમરણ ખાતે પીજીવીસીએલ સબ ડીવીઝનમા તેઓ જુનીયર એન્જીનીયર તરીકે તેઓની ફરજ પર હતો ત્યારે જોડીયા પોલીસ સ્ટાફ તથા બીજા સ્ટાફની ટીમ સવારે આમરણ સબ ડીવીઝન ખાતેથી રસનાળ તથા ટીંબડી ગામે વીજચેકીંગ કરવા નીકળેલ. ત્યારબાદ પોલીસ સ્ટાફ અને અન્ય ટીમ રસનાળ ગામે વીજચેકીંગ કરવા ગયેલ. તેઓની સાથે જીતેન્દ્રકુમાર રાજા સાહેબ હતા. સવારના સાડા આઠેક વાગ્યે રાજા સાહેબનો ફોન આવેલ અને જણાવેલ કે ટીંબડીમા કિશોરસિંહ નટુભા જાડેજાને ત્યા વીજચોરી પકડાઈ હોય બીજા ઘરે તપાસ કરવા ગયેલા ત્યા સ્થળ ઉપર કિશોરસિંહના પુત્ર વિક્રમસિહ અને અન્ય એક અજાણ્યો વ્યકિત સાથે બોલચાલ અને ગાળાગાળી થયેલી અને ધોકા વડે તેઓને મારેલ છે તેવુ રાજા સાહેબે તેમને ફોન ઉપર જણાવેલ. ત્યારબાદ રસનાળ ગામ થઈને પડાણા સબ સ્ટેશને બધી ટીમો ભેગી થઈ જોડીયા પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા આવેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓ ટીંબડી ગામે બીજી જગ્યાએ ચેકીગ કરતા હતા. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓને

જુનીયર એન્જી. રાજાએ જે હકીકત ફોન ઉપર જણાવેલ તે સિવાય બીજી હકિકત જાણતા નથી અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૮.૧૩)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૪ થી સાહેદ દયારામભાઇ દાનાભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જોડીયા મધ્યે ૦૯/૧૧/૨૧ થી ૨૦/૦૬/૨૦૨૨ સુધી મામલતદાર જોડીયા તરીકે ફરજ બજાવેલ. ત્યારબાદ ૨૩/૦૬/૨૨ થી ૩૦/૦૬/૨૦૨૩ સુધી મામલતદાર પાટણ તરીકે ફરજ બજાવી અને ૩૦/૦૬/૨૩ કચેરી સમય બાદ નીવૃત થયેલ છે. તેઓ જોડીયા મધ્યે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.આઈ. જોડીયાના જાવક પત્ર નંબર ૯૮૭/૨૨ તા. ૧૮/૦૫/૨૨ વાળા પત્રથી જોડીયા પોલીસ સ્ટેશન પાર્ટ ૧ ગુના રજી. નં.૨૦૧૭૨/૨૦૨૨ વાળાથી આ ગુનાના કામે આરોપીની ઓળખ પરેડ કરાવવા માટે અમોને લેખીત જાણ કરેલ. જે તેઓએ તારીખ ૧૯/૦૫/૨૦૨૩ના રોજ ૧૬:૩૦ કલાકે રજુ કરવા જણાવેલ. જે તેઓને ૧૯/૦૫/૨૦૨૨ના રોજ કલેકટર સાહેબ સાથે મીટીંગ હોવાથી સમયમાં ફેરફાર કરી સવારના ૧૨ કલાકે આરોપીને રજુ કરવા જણાવેલ. જે પી.એસ.આઈ. જોડીયા તરફથી તેઓશ્રીએ તેઓની કચેરીએ આરોપી તેમજ ફરીયાદી સહીત અલગ અલગ રીતે રજુ કરવામા આવેલ. જે તેઓની કચેરીના તાલુકા મહેસુલ ભવન પ્રથમ માળે મીટીગ હોલમાં ઓળખ પરેડ રાખવામાં આવેલ. આ કામના ઓળખ કરવાના થતા આરોપી અશ્વીનસિંહ ઉર્ફે અશોક ટેમુભા જાડેજા ઉ.વ. ૨૮ ને રજુ કરેલ. જે આરોપીને મહેસુલ શાખાના રૂમમાં અલગ બંધ બારણા દરવાજા બંધ સહીતમા કોઈ જાણી ન શકે કે ઓળખી ન શકે તેવી રીતે અલગ બેસાડવામાં આવેલ. તેમજ તેઓની કચેરીના એક સ્ટાફને ત્યા હાજર રાખવામા આવેલ તેમજ ફરીયાદી જીતેન્દ્રકુમાર અશોકકુમાર રાજાને પણ બીજા રૂમમા બેસાડવામાં આવેલ. આ કામે હાજર રખાવેલ પંચો જેમા પંચ નં. ૧ ફારુકભાઈ અબ્બાસભાઈ છરેચા પંચ નં. ૨

સંજયગીરી ચંદુગીરી ગાંસાઈ બન્ને રહે. જોડીયા આ કામે ઓળખ કરવાના થતા હોય તે કદની કાઠી ધરાવતા ચાર ડમી ઈસમો નીચે મુજબના છે. (૧) સલીમભાઈ યુનુસભાઈ કુરેશી રહે.જોડીયા (૨) ગૌરવ દીપકભાઈ લીંબાણી (૩) દીવ્યરાજસિહ જાડેજા રહે.જોડીયા (૪) મંજુર હુશેન સન્ના રહે.જોડીયા

ઉપરોકત ચારેય ઈસમો મીટીંગ હોલમાં ડાબેથી જમણી બાજુ ક્રમાનુસાર ઉભા રાખેલ છે. ઓળખ પરેડ માટેના જરૂરી ઈસમોને મામલદાર કચેરીના મીટીંગ હોલમાં બન્ને પંચો, ચાર ડમી ઉમેદવારો સાથે આ કામગીરી કરવા માટે પ્રથમ સમજુતી કરી પુરતા પ્રકાશમા જોઈ શકાય તેમજ ઓળખી શકાય તેવી રોશનીમાં ઓળખ પરેડની કામગીરી શરૂ કરેલ. આ કામગીરી કરવા એક લખનાર કર્મચારી તથા એકઝીક્યુટીવ મેજી. ની હાજરી સીવાય અન્ય કોઈ ઈસમ હાજર રહેલ નથી. આ કામે આરોપી તરીકે હાજર રહેલ અશ્વિનસિંહ ઉર્ફે અશોક ટેમુભા જાડેજાને બોલાવી પહેરવેશ વેશભુષા બદલવાની તક આપી તેમને ડમી ઈસમોની હરોળમા ઈચ્છા મુજબના ક્રમે ઉભા રહેવાનું જણાવતા તેઓએ આરોપીના ક્રમ નંબર ૩ પર ગૌરવ તથા દીવ્યરાજસિંહના વચ્ચે ઉભા રહી ગૌરવભાઈએ પહેરેલ ટી શર્ટ પહેરી તેમનો શર્ટ તેમને પહેરાવી, હવે તેઓ કહે છે કે ગૌરવભાઈનુ ટી શર્ટ આરોપીને પહેરાવેલ અને આરોપીનો શર્ટ ગૌરવભાઈએ પહેરાવેલ. ત્યારબાદ આ કામના ફરીયાદીને બોલાવી ઓળખી બતાવાનુ કહેતા આ કામના આરોપી જે ક્રમાંક નંબર ૩ ઉપર ઉભા હતા તેમને પ્રથમ જ કાંડુ પકડી હરોળમાથી બહાર ખેંચી ઓળખી બતાવી બહાર કાઢેલ છે. બીજી વખતની ઓળખ પરેડની કાર્યવાહી માટે આરોપીને વૈશભુષા કે પહેરવેશ બદલવાનું તથા તેમની ઉભા રહેવાની જગ્યા બદલવાનુ કહેતા તેઓ ઉપર મુજબની વેશભુષામાં પહેરેલ પહેરવેશમાં જ ક્રમ નંબર ૨ પર સલીમભાઈ તથા ગૌરવભાઈની વચ્ચે ઉભા રહેલ છે. આ કામના ફરીયાદીને બોલાવતા તેઓએ ક્રમ નં. ૨ ઉભા રહેલ આરોપીને બીજી વાર પણ પ્રથમ નજરે ઓળખી કાંડુ પકડી હરોળમાંથી બહાર કાઢેલ છે. ત્રીજી વખતની ઓળખપરેડની કાર્યવાહી માટે આરોપીને વેશભુષા બદલવાનું કહેતા

તેઓએ પહેરેલ તે જ વેશમા ક્રમ નં.૫ પર મનસુરભાઈની બાજુમાં ઊભા રહેવાનુ પસંદ કરેલ છે. ત્યારબાદ આ કામના ફરીયાદીને બોલાવતા તેમણે ત્રીજી વખત ક્રમ નં. ૫ પરના ઉભા રહેલ આરોપીને ઓળખી બતાવી કાંડુ પકડી હરોળમાંથી બહાર કાઢેલ છે. આમ ઉપર મુજબની ઓળખ પરેડની કાર્યવાહી પુરતા પ્રકાશમાં, બંધ બારણે અન્ય કોઈ જોઈ ન શકે તે રીતે પંચોની હાજરીમાં પુર્ણ કરવામાં આવેલ છે. તેઓને જોડીયા પોલીસ સ્ટેશનના જાવક નંબર ૯૮૭/૨૨ તારીખ ૧૮/૦૫ ૨૦૨૨ ના રોજનુ તેઓને આરોપી ઓળખ પરેડ કરાવવા માટેની યાદી મળેલ જેમા રીસીવ કરનાર તરીકે તેઓની સહી છે જેને પુરાવામાં રજુ દા.આ. ૬૫ આપવામા આવે છે અને તે બાબતે તેઓએ જોડીયા પોલીસ સ્ટેશનને ઓળખ પરેડ માટે તારીખ અને સમય આપવા બાબતે જાણ કરેલ. તે જાણ કરતો પત્ર તેમને બતાવવામા આવે છે જેમાં નીચે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. સદર યાદીને પુરાવામાં રજુ દા.આ. ૬૬ આપવામાં આવે છે અને ઓળખ પરેડ પુર્ણ થતા અસલ પંચનામુ તેઓએ જોડીયા પોલીસ સ્ટેશને સુપરત કરેલ જે તારીખ ૧૯/૦૫/૨૦૨૨ ની યાદી તેઓને બતાવવામાં આવે છે જેમાં નીચે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને પુરાવામાં રજુ દા.આ.૬૭ આપવામા આવે છે. તેમને આંક ૩૪ વાળુ આરોપી ઓળખપરેડ વાળુ પચનામું બતાવવામાં આવે છે જેમાં નીચે તેઓની તથા બે પંચોની સહી છે અને રૂબરૂમાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે તેઓની સહી છે અને ફરીયાદી તરીકે જે.એ.રાજાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, તેઓની જુબાની દરમયાન ઓળખ પરેડ કર્યા બાબતની કાર્યવાહીનું પંચનામું અદાલત સમક્ષ જોઈને લખાવેલ છે, ફરીયાદી જે.એ.રાજાને ઓળખ પરેડ માટેની કાર્યવાહી કરવા બાબત તેઓની સમક્ષ હાજર રહેવા કોઈ પત્ર અવહાર કરેલ હોય કે મૌખીક જાણ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી કે પંચનામામાં જાણ કર્યા બાબતે કોઈ હકીકત

દર્શાવેલ નથી, તેઓને આંક ૬૫ વાળો પી.એસ.આઈ.શ્રીનો જા.નં. ૯૮૭/૨૨ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેઓની કચેરીનો ઈન્વર્ડ નબર નથી, સામાન્ય રીતે તેઓની કચેરીમાં બહારની કોઈપણ કચેરીથી પત્ર વ્યવહાર આવે તો પ્રથમ બારનીસી શાખા સમક્ષ મુકી ત્યારબાદ જે તે લગત વિભાગમાં મોકલવામાં આવે છે, તેમને આંક–૬૬ વાળો તેઓનો પો.ઈન્સ જોડીયાને સમય અને તારીખની જાણ કરતો લખેલ પત્ર બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેમાં જોડીયા પોલીસ સ્ટેશનનો ઈન્વર્ડ નંબર કે સહી નથી, સમયનો ફેરફાર કરતાં પત્ર છે તેમા પણ ઈન્વર્ડ નંબર કે સહી નથી, ફરીયાદી તેઓની કચેરીમાં આવ્યા અને તેઓને કઈ જગ્યાએ બેસાડયા તે ચોકકસ નામ સાથે જગ્યાનો ઉલ્લેખ કરેલ નથી, આ કામના ફરીયાદીને ઓળખ પરેડ માટે તેઓની ઓફીસમાં હાજર રહેવા માટે તારીખ અને સમયની જાણ કરતો કોઈ પત્ર કે જોડીયા પોલીસ સ્ટેશન દ્વારા તેઓને જાણ કરેલ હોય તેવો કોઈ ઉલ્લેખ કે દસ્તાવેજ તેઓએ તેઓના પંચનામામાં રજુ કરેલ નથી, તેઓએ તેઓના પંચનામામા આરોપીને કોણ બોલાવવા ગયેલું તે બાબતે કોઈ ઉલ્લેખ કરેલ નથી, આરોપી જે જગ્યાએ હતા ત્યાથી મીટીંગ હોલમાં આવે એટલે તેને લોબીમા થઈને જાહેરમાં ચાલી અને ઉપર આવવું પડે, આરોપીને તેની જગ્યાએથી મીટીંગ હોલમાં લઈ આવવા માટે કોઈ બુરખો પહેરાવેલો નહીં સાહેદ જણાવે છે કે બુરખો પહેરાવેલો, આખા પંચનામામાં આરોપીને બુરખો પહેરાવીને ઓળખ પરેડવાળી જગ્યાએ લઈ આવેલ તે જણાવેલ નથી, આરોપીને જ્યારે તેઓની ઓફીસમા લઈ આવ્યા ત્યારબાદ વ્યવસ્થા માટે ચાર પોલીસવાળા સાદા ડ્રેસમા અને પી.એસ.આઈ.હાજર હતા, ઓળખ પરેડનુ પંચનામું શરુ થયુ અને પુરું થયું ત્યા સુધી આ પોલીસવાળા તેઓની કચેરીમાં હાજર હતા અને પંચનામું પુરુ થયે આરોપીને તેની સાથે લઈ ગયેલા, પંચનામુ લખવા માટે જે ડેપ્યુટી મામલતદાર કે કલાર્ક હાજર હતા તેનુ નામ તેઓએ પંચનામામાં કે તેઓની જુબાનીમા જણાવેલ નથી, તેઓએ આરોપીને પહેરવેશ બદલવા માટે જણાવેલ પરંતુ તેવા કોઈ બીજા પહેરવેશ તેઓની પાસે ત્યારે હાજર ન હતા, આરોપી કહે તો જ તેના પહેરવેશમાં ફેરફાર

કરવાનો હોય અન્યથા તેને જેમનો તેમ રહેવા દેવાનો હોય, તેઓએ તેઓના પંચનામામાં આરોપીએ મને ગૌરવભાઈનું ટી શર્ટ પહેરવું છે તેવી ઈચ્છા દર્શાવી હોય અને તેઓએ તેને ટી શર્ટ પહેરાવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ તેઓએ તેઓના પંચનામામાં કરેલ નથી, ઓળખ પરેડનુ પંચનામું સુપરત કર્યું તે બાબતેના જાવકમાં કયાંય જોડીયા પોલીસ સ્ટેશનના અધિકારીની સહી, સિકકો કે ઈન્વર્ડ નંબર નથી, તેઓએ પત્ર સાથે ઓળખ પરેડનું પંચનામું જોડીયા પોલીસ સ્ટેશનના અધીકારીને આપેલ.

આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**(૮.૧૪)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૭ થી સાહેદ ડો.બિરેન્દ્રકુમાર હિતલરામ મહેતરનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦ મે ૨૦૨૨ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે સામુહીક આરોગ્ય કેન્દ્ર જોડીયા ખાતે પોતાની ફરજ પર હતા ત્યારે જીતેન્દ્ર અશોકકુમાર રાજા ઉ.વ.૨૮ રહે. ધોલ રાધે રેસીડેન્સી નામના દર્દી ઓપીડી કેસ કઢાવી ઓપીડીમાં સારવાર માટે આવ્યા તેઓએ સારવાર, તપાસ અને જાણ માટે સહમતી આપેલ હતી. તેઓના ડાબા કોણીના ભાગે જુના ઈજાના નીશાન હતા. તેઓના જણાવ્યા મુજબ સવારના ૦૮:૩૦ થી ગરદનની ડાબી સાઈડ જલન અનુભવતા હતા. તેઓના ડાબા હાથમાં દુખાવો હતો. તેઓના જણાવ્યાા મુજબ તેઓને અજાણ્યા વ્યકિત દ્વારા હાથ અને ઢીકાથી ટીંબડી ગામ નજીક તારીખ ૧૦/૦૫/૨૦૨૨ ના આશરે સવારના ૦૮:૩૦ વાગ્યે મારવામાં આવેલ હતા. ત્યારબાદ દર્દી પોલીસ સ્ટેશન ગયેલ હતા અને દવાખાને સારવાર માટે આવ્યા હતા. તપાસ દરમયાન તેઓ ભાનમા હતા. તેઓ સમય, જગ્યા અને વ્યકિતને ઓળખી શકતા હતા. તેઓના પલ્સ સામાન્ય હતા. પેટ અને છાતીના ભાગ સામાન્ય હતા. તેઓના હાથના

ઉપરના ભાગમા સી આકારનો ઉજરડા હતા. ઉજરડાની સાઈઝ ૦.૭X૦.૧ હતી. તેનો કલર લાલ હતો અને ઈજા કોણીથી ખભા વચ્ચે ૫.૫ સે.મી. દુરી પર હતુ. તેઓને દુખાવાની દવા ચાર દીવસ માટે આપવામા આવેલ હતી. આ પ્રકારની ઈજા સામાન્ય પ્રકારની ઈજા હતી. જે નખ લાગવાથી થઈ શકે તે પ્રકારની હતી. આ પ્રકારની ઈજા કોઈ પ્રકારની તકલીફ ન થાય તો સાત દીવસની અંદર સાજી થઈ શકે તેમ હતી. તેઓ પોતાની સાથે ઓપીડી કેસ પેપર્સ, સહમતી પત્રક, સારવાર સર્ટી. અને પોલીસ સ્ટેશનથી માંગવામા આવેલ સારવાર સર્ટી.નો પત્ર તેમજ તેઓને આપેલ સારવાર સર્ટી. ના પોલીસ સબ ઈન્સપેકટરને આપેલ ફોરવર્ડીંગ લેટર સાથે લાવેલ છે. તેમને દર્દીને આપવામાં આવેલ સારવાર સર્ટી. એમ.એલ.સી.નંબર ૭૧ /૨૨ તા. ૧૦/૦૫/૨૦૨૨ બતાવવામાં આવે છે જેમા પોતાની સહી ઓળખી બતાવે છે. સદર સર્ટી. ને પુરાવામા રજુ દા.આ.૭૦ આપવામા આવે છે. દર્દીના ઓપીડી કેસ પેપર્સ ને પુરાવામા રજુ દા.આ ૭૧ આપવામાં આવે છે. સહમતીપત્રકને પુરાવામાં રજુ દા.આ. ૭૨ આપવામા આવે છે. સારવાર સર્ટી. મળવા બાબતનો જોડીયા પોલીસ સ્ટેશનનો તારીખ ૦૨/૦૬/૨૨ ના રોજના પત્રન પુરાવામા રજુ દા.આ.૭૩ આપવામાં આવે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આંક– ૭૩ વાળા સારવાર સર્ટી. મેળવવા માટેના જોડીયા પોલીસ સ્ટેશનના પત્રમા તેઓની ઓફીસના કોઈપણ ઈન્વર્ડ નંબરથી રીસીવ કરેલાની કોઈ સહી નથી, તેઓએ જે કેસ પેપર્સ રજુ કરેલ છે તે કેસ બારી પર બેસતા કોઈપણ કર્મચારી દ્વારા કાઢવામાં આવેલ હોય, તેઓએ તેઓના ઈજાના સર્ટી મા એસોલ્ટ બાય વીકમસીહ જાડેજા અને પછી અનનોવન પર્સન લખેલ છે. સાહેદ જણાવે છે કે સાહેદને ઈજા કરનાર બાબતે પુછતા પ્રથમ તેઓએ નામ જણાવેલ અને પછી તેઓએ કહેલ કે કોઈ અજાણ્યા વ્યકિતએ ઈજા કરેલ છે તેવું જણાવતા નામ ઉપર લીટો મારેલ છે, જે નામ ઉપર લીટો મારેલ છે તેની આગળ પાછળ કયાંય તેઓની કે બીજા

કોઈની ઈનીશીયેલ એટલે કે ટુંકી સહી નથી, કોઈ વ્યકિત વાહનમા બેસીને સીમમાથી જતી હોય તો બાવળ કે કોઈ વૃક્ષ સાથે હાથનું ઘર્ષણ થાય તો આવા પ્રકારની ઈજા શક્ય છે.

**(૮.૧૫)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૮૧ થી ત.ક.અ. ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તાઃ–૧૦/૦૫/૨૦૨૨ ના રોજ તેઓ પો. સબ. ઈન્સ તરીકે જોડિયા પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા ત્યારે આ કામના પી.એસ.ઓ એ.એસ.આઈ આર. એમ. જાડેજા દ્વારા દાખલ કરવામાં આવેલ ફરીયાદ તેઓને તપાસ માટે સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ અને બનાવ વાળી જગ્યાનું પંચનામું કરી સાહેદોના નિવેદનો નોંધેલ, આ કામના આરોપી નં–૧ વિક્રમસિંહ કિશોરસિંહ જાડેજાને અટક પંચનામું કરી અટક કરેલ અને આરોપી નં–૨ અશ્વિનસિંહ ઉર્ફે અશોકસિંહ ટેમુભા જાડેજા ની ઓળખ પરેડ કરાવી, ઓળખ પરેડમાં ફરીયાદી દ્વારા ઓળખી બતાવેલ હોય જેથી તેમની અટક કરેલ અને આ કામે વપરાયેલ ધોકો આરોપી નં–૨ અશ્વિનસિંહ ઉર્ફે અશોકસિંહ ટેમુભા જાડેજા પાસેથી કબજે કરેલ અને ફરીયાદીનું મેડીકલ કરાવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય જેથી નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. તેમને કોર્ટ રેકર્ડમાંથી આંક–૮ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવતા તેઓએ બે પંચોની હાજરીમાં કરેલ છે તે જ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને કોર્ટ રેકર્ડમાંથી આંક–૨૩ તથા આંક–૨૬ વાળુ અટક પંચનામું બતાવતા જે તેઓએ બે પંચોની હાજરીમાં કરેલ છે તે જ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે, તેમને કોર્ટ રેકર્ડમાંથી આંક–૩૪ વાળુ આરોપીની ઓળખ પરેડનું પંચનામું બતાવવામાં આવે છે જે મામલતદારશ્રી ની રૂબરૂમાં કરેલ તે જ છે જે બે પંચોની હાજરીમાં કરેલ છે તે જ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. ગુજ. પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭/૧ મુજબનું અધિક. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધી અંગેનું

તાઃ–૦૭/૦૫/૨૦૨૨ ના રોજનું જાહેરનામું છે જેમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરની સહી છે જે તપાસના કામે ચાર્જશીટમાં ખરી નકલ સામેલ કરેલ છે જે કામમાં રજુ દા.આં.૮૨. આરોપીઓને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ વાળી જગ્યાની આજુબાજુ રહેણાંક મકાનો આવેલા છે, આજુબાજુના રહેણાંક વાળાના કોઈ વ્યક્તિના નિવેદન આ કામે લીધેલ નથી, અધિ. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાની જોડિયા તાલુકામાં બહોળી પ્રસિધ્ધિ કરાવેલ હોય તે અંગેનો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી, આરોપીની ઓળખ પરેડ જ્યારે કરવામાં આવેલ ત્યારે તેઓ સાથે ગયેલ. આ સિવાયની બચાવપક્ષ દ્ધારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઈ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ – જાહેર કાર્યો બજાવવામાં રાજ્ય સેવકને અડચણ કરવા બાબતઃ–**

જે કોઈ વ્યક્તિ, કોઈ રાજ્ય સેવકને તેના જાહેર કાર્યો બજાવવા સ્વેચ્છાપૂર્વક અડચણ કરે તેને ત્રણ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨ – રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતાં રોકવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત :–**

જે કોઈ વ્યક્તિ, કોઈ રાજ્ય સેવકને એવી હેસિયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજ્ય સેવકને કે અન્ય કોઈ રાજ્ય સેવકને એવી હેસિયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવાના કે રોકવાના ઈરાદાથી અથવા તેણે એવા રાજ્ય સેવકની હેસિયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્ય કર્યું હોય કે કરવાની કોશિશ કરી હોય તેના પરિણામે એવા રાજ્ય સેવકને સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪ – અશ્લીલ કૃત્યો અને ગીતો :–**

જે કોઇ વ્યક્તિ, બીજાને ત્રાસ થાય તે રીતે,

(ક) કોઇ જાહેર સ્થળે અશ્લીલ કૃત્ય કરે, અથવાટ

(ખ) કોઇ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઇ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે,

તેને ત્રણ મહિના સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ઃ– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને

સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ - ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ-**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો,

આ કામે આંક–૮–એ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવતા પંચનામામાં સહીઓ સિવાયની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. જેથી આ કામે બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે આંક–૨૩ તથા આંક–૨૬ વાળા આરોપીઓની અટકનાં પંચનામાઓના પંચ સાહેદો તપાસવામાં આવતા પંચનામામાં સહીઓ સિવાયની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. જેથી આ કામે આરોપીઓની અટક અંગેના પંચનામાઓ પુરવાર થતા નથી.

આ કામે આંક–૩૪ વાળા આરોપીની ઓળખ પરેડ અંગેનાં પંચનામાના પંચ સાહેદો તપાસવામાં આવતા પંચનામામાં સહીઓ સિવાયની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. જેથી આ કામે આરોપીઓની ઓળખ પરેડ અંગેનું પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે ફરીયાદી જીતેન્દ્ર અશોકકુમાર રાજાનાઓ દ્વારા રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે ફરીયાદી ધ્રોલ તાલુકામાં ફરજ બજાવતા હતા. સદર બનાવવાળી જગ્યાએ તપાસ કરવા તેઓને સત્તા હતી તે બાબતનો કોઇ પુરાવો રજુ કરેલ નથી. જે કામગીરી માટે આરોપીના ઘરે ગયેલ હતા તે અંગેનો લેખિત હુકમ તેઓએ રજુ કરેલ નથી. ફરીયાદી દ્વારા આરોપીના ઘરમાં પ્રવેશ ક્યા અધિકારથી કરેલ છે તે હકિકત દર્શાવતો લેખિત પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદી દ્વારા વીજ ચોરી પકડેલ હોવાનું જણાવેલ છે પરંતુ આરોપી નંબર–૧ના પિતા કે જેના નામે વીજ કનેક્શન છે તે કિશોરસિંહ નટુભા સામે તેઓએ કોઇ ફરીયાદ દાખલ કરેલ નથી. સદર જગ્યાએથી તેઓએ વીજ વાયર કબ્જે કરેલ હોવાનું જણાવે છે પરંતુ તેઓએ આવો કબ્જો કરેલ વીજ વાયર તપાસ કરનાર અધિકારીને સોંપેલ નથી. તે દિવસે ચેકિંગ માટે બે ટીમ બનાવેલ હોવાનું જણાવેલ છે જેમાં એક ટીમ સાથે પોલીસ બંદોબસ્ત હતો તો ફરીયાદીની ટીમ સાથે પોલીસ બંદોબસ્ત કેમ રાખવામાં આવેલ ન હતો તે બાબતે કોઇ ખુલાસો રજુ થયેલ નથી. તેમજ જે વાહનથી તેઓ કહેવાતી જગ્યાએ વીજ ચેકિંગ કરવા ગયેલ તે વાહનનો નંબર ફરીયાદમાં કે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદી દ્વારા તેઓના ઉપરી અધિકારી પાસેથી ફરીયાદ કરવા કોઇ પરવાનગી આપવામાં આવેલ હોઇ તેવો લેખિત પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેઓ દ્વારા ઉલટતપાસમાં સ્વિકાર કરેલ છે કે તેઓ કિશોરસિંહ કે તેના

પરિવારને બનાવ પહેલા ક્યારે મળવાનું થયેલ નથી. તો ફરીયાદમાં તેઓ દ્વારા તેઓના વીજ ગ્રાહક કિશોરસિંહનો પુત્ર વિક્રમસિંહ હોવાનું જણાવેલ છે તે ક્યા આધારે જણાવેલ છે તે બાબતે કોઇ ખુલાસો કરેલ નથી. વધુમાં તેઓએ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે વીજચોરી જો તેઓને માલુમ પડે તો કિશોરસિંહ નટુભાના કનેક્શનમાં માલુમ પડેલ હોત તો તેઓએ ત્યાં તે બાબતનું પંચનામું પણ કરવુ પડે. જેને તેઓ સ્થળ પરનું રોજકામ કહે છે. તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓએ કિશોરસિંહના ઘરે કોઇ સ્થળ પરનું રોજકામ કરેલ નથી. જેથી ઉપરોક્ત તમામ હકિકતો જોતાં ફરીયાદની વર્તણુંક શંકાસ્પદ જણાઇ આવે છે. જેથી તેઓના પુરાવાના આધારે આરોપીઓને સજા કરી શકાય નહી.

આ કામે આંક–૩૬ થી તપાસેલ સાહેદ હીરેન હંસરાજભાઇ ભીમાણીની જુબાની જોવામાં આવે તો તે ચેકિંગ કરેલુ તેના પુત્ર વિક્રમસિંહ હોવાનું જણાવે છે તે કઇ રીતે તેઓને ઓળખે છે તે બાબતે કોઇ ખુલાસો રજુ થયેલ નથી. તેઓ દ્વારા જણાવવામાં આવેલ છે કે આ વિક્રમભાઇએ જે.એ.રાજા સાહેબને ફડાકો મારેલ. પરંતુ ફરીયાદ તથા ફરીયાદીની જુબાની જોવામાં આવે તો ફરીયાદી દ્વારા પોતાને વિક્રમસિંહ સાથે રહેલ વાદળી શર્ટ વાળા ઇસમે ગાલ ઉપર તમાચો મારેલ હોવાનું જણાવેલ છે. જે હકિકત વિરોધાભાષ ઉભો કરે છે. ફરીયાદી તેઓના ઉપરી અધિકારી છે. જેથી તેઓના સમર્થનમાં પુરાવો આપે તે પણ સ્વાભાવિક છે. જેથી સદર સાહેદનો પુરાવો વિશ્વસનિય જણાતો નથી.

આ કામે આંક–૪૨ થી તપાસેલ સાહેદ પ્રકાશભાઇ ડાયાભાઇ પરમારની જુબાની ધ્યાને લેવામાં આવે તો તે બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓને ફરીયાદી દ્વારા બનાવની હકિકત જણાવેલ હોવાનું તેઓએ જણાવેલ છે. જે તેઓના સાથી કર્મચારી થાય છે. તેઓને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે.

જેથી સદર સાહેદ હીયરસે વીટનેસ હોય તેઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

આ કામે આંક–૪૩ થી તપાસેલ સાહેદ સંજયભાઇ મગનભાઇ ગધેથરીયાની જુબાની ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓને ફરીયાદી દ્વારા બનાવની હકિકત જણાવેલ હોવાનું તેઓએ જણાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો મળી આવેલ નથી.

આ કામે આંક–૪૫ થી તપાસેલ સાહેદ રમેશભાઇ લક્ષ્મણભાઇ પરમારની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે રસનાળ ટીંબડી ખાતે પોલીસ સ્ટાફના માણસો સાથે ચેકિંગમાં ગયેલા ત્યારે રાજા સાહેબે તેઓને કીધેલ કે શેરીમાં ગાડી જઇ શકે તેમ નથી જેથી તેઓ ગાડીમાં બેસેલા હોય બનાવ શું બનેલ તેની તેઓને ખબર નથી કે રાજા સાહેબે તેઓને જણાવેલ નથી. આમ, બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો મળી આવેલ નથી.

આ કામે આંક–૫૦ થી તપાસેલ સાહેદ રાહુલભાઇ બાબુભાઇ કાંબરીયાની જુબાની ધ્યાને લેવામાં આવે તો તે બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓને ફરીયાદી દ્વારા બનાવની હકિકત જણાવેલ હોવાનું તેઓએ જણાવેલ છે. જે તેઓના સાથી કર્મચારી થાય છે. તેઓને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે.

જેથી સદર સાહેદ હીયરસે વીટનેસ હોય તેઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

આ કામે આંક–૫૭ થી તપાસેલ સાહેદ સંજોષભાઇ ગોપાલભાઇ ત્રાંબડીયાની જુબાની ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓને ફરીયાદી દ્વારા બનાવની હકિકત જણાવેલ હોવાનું તેઓએ જણાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો મળી આવેલ નથી.

આ કામે આંક–૫૮ થી તપાસેલ સાહેદ કિશન સુરેશભાઇ ચાવડાની જુબાની ધ્યાને લેવામાં આવે તો તે બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓને ફરીયાદી દ્વારા બનાવની હકિકત જણાવેલ હોવાનું તેઓએ જણાવેલ છે. જે તેઓના સાથી કર્મચારી થાય છે. તેઓને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે. જેથી સદર સાહેદ હીયરસે વીટનેસ હોય તેઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

આ કામે આંક–૬૪ થી તપાસેલ સાહેદ દયારામભાઇ દાનાભાઇ પરમારનાઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા આરોપીની ઓળખ પરેડની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે ઓળખ પરેડનું પંચનામું તેઓની રૂબરૂ કરવામાં આવેલ છે તે પંચનામાનાં પંચ સાહેદો દ્વારા તે પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જેથી તે પંચનામાની હકિકતો સાબીત થતી નથી. આમ, સદર સાહેદની જુબાનીથી આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૬૯ થી તપાસેલ સાહેદ ડો.બીરેન્દ્રકુમાર હીતલરામ મહેતરની જુબાની જોવામાં આવે તો તેઓ પાસે ફરીયાદી સારવાર માટે આવેલ ત્યારે ફરીયાદીના ડાબા કોણીના ભાગે જુના ઈજાના નિશાન હતા. ગરદનની ડાબી સાઇડ જલન અનુભવતા હતા અને ડાબા હાથમાં દુખાવો હતો. તેઓના જણાવ્યા મુજબ અજાણ્યા વ્યક્તિ દ્વારા હાથ અને ઢીકાથી મારવામાં આવેલ હોવાનું જણાવેલ. પરંતુ ફરીયાદી દ્વારા પોતાની ફરીયાદ તથા જુબાનીમાં હાથ કે ગરદન ઉપર ઢીકા મારેલ હોવાની કોઇ હકિકત જણાવેલ નથી. ફરીયાદ તથા જુબાનીમાં તેઓની સાથે ઝપાઝપી તથા હાથ ચાલાકી કરી ગાલ ઉપર તમાચો મારેલાની હકિકત જણાવેલ છે. સદર સાહેદે ઉલટતપાસમાં એ હકિકત સ્વિકારેલ છે કે તેઓએ તેઓના ઈજાના સર્ટીમાં એસોલ્ટ બાય વિક્રમસિંહ જાડેજા અને પછુ અનનોવન પર્સન લખેલ છે. સાહેદે જણાવેલ છે કે ઈજા કરનાર બાબતે પુછતા પ્રથમ તેઓએ નામ જણાવેલ અને પછી તેઓએ કહેલ કે કોઇ અજાણ્યા વ્યક્તિએ ઈજા કરેલ છે તેવુ જણાવતા નામ ઉપર લીટો મારેલ છે. વધુમાં એ હકિકતનો પણ સ્વિકાર કરેલ છે કે જે નામ ઉપર લીટો મારેલ છે તેની આગળ પાછળ ક્યાંય તેઓની કે બીજા કોઇની ટુંકી સહી નથી. આમ, ફરીયાદી તથા સદર સાહેદના પુરાવામાં વિરોધાભાષ ઉભો થાય છે. જેથી સદર સાહેદના પુરાવાથી પણ આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૮૧ થી આ કામની તપાસ કરનાર અમલદાર ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાનાઓને તપાસેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક મકાનો હોવાનું સ્વિકારેલ છે તેમ છતાં આજુબાજુ વાળા રહેણાંક વાળાના કોઇ વ્યક્તિના નિવેદનો લીધેલ નથી. તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે અધિક જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાની જોડીયા તાલુકામાં બહોળી પ્રસિદ્ધી કરાવેલ હોય તે અંગેનો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. આમ બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય બનાવ નજરે જોનાર સ્વતંત્ર સાહેદો

મળી શકે તેમ હોવા છતાં બનાવવાળી જગ્યાની આસપાસના આવા કોઇ વ્યક્તિના નિવેદનો લીધેલ નથી.

આ કામે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબનો આક્ષેપ કરેલ છે તે બાબતે ફરીયાદી તથા સાહેદો પોતે સરકારી કર્મચારી છે તે દર્શાવવા કોઇ દસ્તાવેજી પુરાવો જેમ કે તેઓનું ઓળખકાર્ડ કે નિમણુંકપત્ર રજુ કરવામાં આવેલ નથી તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ મુજબની કાર્યવાહી કરવી જોઇએ.

For proving the charge of section 186 of IPC, there has to be fulfilment of the procedural requirement of section 195 of Cr.P.C as well. As per Section 195(1)(a)(i), the cognizance for offence under section 186 of IPC could be taken only upon the written complaint of public servant concerned or of some other public servant to whom he is administratively subordinate.

હાલના કામે ફરીયાદીએ પોતે એક સરકારી કર્મચારી હોય, તેઓની ફરજમાં આરોપીએ રૂકાવટ કરેલ હોવાની લેખિત ફરીયાદ આપવી જોઇએ. જે આપેલ નથી. તેઓ સરકારી ફરજમાં હતા તે બાબતનો પણ કોઇ પુરાવો રજુ થયેલ નથી. જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨નો આક્ષેપ છે. પરંતુ હાલના કામના આરોપીઓ દ્વારા ફરીયાદીને આવી કોઇ ઇજા કરેલ હોઇ તેવો સ્પષ્ટ, સ્વતંત્ર અને ચોક્કસ પુરાવો મળેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(બી) નો આક્ષેપ છે. પરંતુ હાલના કામે તપાસવામાં આવેલ કોઈપણ સાહેદ દ્વારા સદર કલમ મુજબના કોઇ શબ્દો આરોપીઓએ ઉચ્ચારેલા હોઇ કે તેવુ કૃત્ય કરેલ હોઇ તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(બી) મુજબના ગુનામાં આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) નો આક્ષેપ છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓએ 2007 (1) G.L.H. 337, Pravinbhai Becherbhai Vankar and Ors. Versus State of Gujarat ના ચુકાદામાં ઠરાવેલ છે કે, In order to convict an accused under setion 506(2) of the Indian Penal Code, threat as contemplated in s.506 must cause alarm in the mind of person so threatened. જે બાબતે હાલના કામે ફરીયાદી દ્વારા જાનથી મારી નાખવાની ધમકીથી તેઓને જીવનું જોખમ લાગેલ હોય તેમ જણાવતા નથી. આજદિન સુધી તેઓને આ ધમકીના લીધે વેઠવુ પડેલ હોઇ તેવુ પણ જણાવેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનામાં આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી (૧) વિક્રમસિંહ કિશોરસિંહ જાડેજા રહે. ટીંબડી ગામ, તા.જોડીયા, જિ.જામનગર તથા (૨) અશ્વિનસિંહ ઉર્ફે અશોક ટેમુભા જાડેજા રહે. ટીંબડી ગામ, તા.જોડીયા, જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**3.** મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૪મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ:૨૪/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩